# Curry Flavour

**Exploring My Roots Through Poetry**

**Edited by**
**Ahmad Lunat 'Gul'**
**Imtiaz Patel Varediawala**

**Gujarati Writers Forum**
27, James Street
Batley, WF17 7PS, UK
Telephone: +44 1924 474358 / 440867

**Curry Flavour:** Heritage Poems by Budding Poets of The British Gujarati Community

© GWF

July 2022

**Publishers:**
Gujarati Writers Forum, Batley
27 James Street
Batley
WF17 7PS UK
Tel: + 44 1924 474358

**Price:** £ 5/-

**Printers:**
Hotprint Design Ltd
Unit 12, Kenyon Business Park
Pilkington Street
Bolton BL3 6HL

**Laser-set:** Anand Press, Gamdi-Anand.
**Email:** anandpress@gmail.com

# ABOUT THE PROJECT

*Exploring My Roots Through Poetry* project was undertaken with young people of the British Gujarati Community in mind. The amount of interest it generated, not only among the youth but also among their elders was amazing. The aim was to encourage the participants to explore their heritage and use their creative skills to celebrate it. This will be evident from the present collection of poems, and the accompanying CD.

However, the activity has served several other purposes as well. The young people had opportunities to interact with their elders who talked enthusiastically about the culture they grew up in. This increased the young people's awareness of their cultural heritage.

It may also be noted that the participants have developed a better understanding of their British lifestyle. Ebrahim Daji, one of the poets included in this book reflects on his visit to his elders' native place, Alipore in India, and says:

*A window through which my roots can be seen,*
*On to a life that could have been*

Ebrahim brings out the difference between 'a life that could have been' and 'a life that is'.

We would like to thank all the participants, youth groups, and their elders for their participation and valuable contributions.

**Ahmad Lunat 'Gul'**
**Chair**
**Gujarati Writers Forum - Batley**

To
**Gujarati Writers Forum, Batley**
**27 James Street**
**Batley WF17 7PS**

Date: 5/05/2022

Dear Mr. Lunat

Batley Multi Academy Trust was delighted when the young women at Batley Girls' High School were invited to contribute to this book. There are few things as powerful as poetry as a tool to express oneself and as a mindful pastime. It has astonishing benefits for young people; building both confidence and self-esteem as well as providing relaxation, happiness, and fun.

This wonderful project provided our young people with an opportunity to speak to family members and elders in our community about their life stories, their backgrounds, and the rich tapestry of their experiences to date.

Batley is immensely proud of its rich and diverse cultural history and the students were able to further research this heritage and then create some wonderful poems to share these superb stories with others. The experience of this research and then crafting this poetry was a powerful learning experience for our students.

We hope the next phase of that learning journey will be these poems being shared and read in classrooms, and with communities and families. Reading together provides children with further opportunities for discussion, and to develop empathy and attachment. It also helps to develop a lifelong love of learning and gives young people the opportunity to be the best they can be.

Children who read for pleasure do better in a wide range of academic subjects at school and it also impacts positively on their wellbeing. These poems will touch the hearts and minds of all those who read and enjoy them, from all backgrounds, young and old.

What an incredibly empowering experience for these young people to have their work published to be enjoyed by others. These wonderful stories can now be shared, remembered, and cherished forever.

**Sam Vickers**
**CEO, Batley Multi Academy Trust**
C/O Batley Girls High School, Windmill Lane, Batley, WF17 0LD.
Telephone: 01924 350080

# CONTENTS


| | | | |
|---|---|---|---|
| About the Project | | | iii |
| A Wonderful Project : *Samantha Vickers* | | | v |
| 1 | Mothers' Back Home | *Fazila Patel* | 1 |
| 2 | Khichdi | *Hudaa Bax* | 5 |
| 3 | Roots | *Ebrahim Daji* | 9 |
| 4 | Rain of Pain | *Sabahnoor Patel* | 12 |
| 5 | The Horizon | *Anisha Bottomley* | 16 |
| 6 | The Village Well | *Moosa Patel* | 21 |
| 7 | Smiles and Tears | *Sana Waza* | 25 |
| 8 | The Big Wedding! | *Ruqayyah Khalifa* | 28 |
| 9 | The Morning is Calling Me | *Salman Patel* | 33 |
| 10 | A Unique Culture | *Hawwa Laher – Mariyah Waza* | 36 |
| 11 | Village Life | *Ismail Sidat* | 39 |
| 12 | The Eid Experience | *Faheema Bhamji* | 42 |
| 13 | A Thrilling Experience | *Yusra Kayat* | 47 |
| 14 | A Wedding Song | *Ibrahim Patel* | 50 |

## Fazila Patel

*This poem was inspired by conversations that I overheard over the years that my mum has had with other friends and family members who left India and moved to England after getting married. It was only after visiting India myself did I realise what she meant when she said to other people that life was easier and better in India than it is in England. In India, she felt at peace and 'at home' as it is somewhere that she belongs and a country in which she has grown up. When I spoke to her about it, she laughed at me and said, it will always be her home even though she is thousands of miles away.*



# 1. A MOTHER'S 'BACK HOME'

As a young child I often
Heard my mother say:
Life was so much better
'Back home' in a way

At the age of 11, I went
To visit this 'back home' of hers,
An alien place, a foreign place
Where I felt I didn't belong of course.

Involuntarily my nose scrunched
up in utter disgust
At the dirt, the smell, the dust
That flew as the rickshaws drove past

How can life be better here,
in my mother's 'back home'?

The houses so small, the families so big,
No proper bath, no proper bed
The chaos, the cries, mainly from me
As dal and rice was all that I was fed

But, despite all of this, my mother's
Smile and laugh rang through the walls
As she sat amongst her siblings
And told stories of her new home

Now, years later, I finally see,
'Back home' didn't mean that life was easy
For my mother
It was all about the tranquillity
The community
And the unity…….
That being 'back home' made her feel.

## ફઝીલા પટેલ

*મેં વર્ષોથી મારી મા અને તેની સહેલીઓ તથા સગાં જે ભારત છોડી લગ્ન પછી ઈંગ્લેન્ડ આવી વસ્યાં હતાં તેમની વાતો સાંભળી, તેમાંથી આ કાવ્યની પ્રેરણા મળી. પણ હું પોતે ભારત ગઈ તે પછી જ મને સમજાયું કે, મારી મા જ્યારે કહેતી કે ઈંગ્લેન્ડના જીવન કરતાં ભારતનું જીવન વધુ સરળ અને સારું છે, તેનો શો અર્થ. ભારતમાં તેને શાન્તિ મળતી અને પોતીકું લાગતું. કેમકે, એ ત્યાંની હતી અને ત્યાં ઉછરેલી. જ્યારે મેં તેને પૂછ્યું ત્યારે તે હસી પડી અને કહ્યું કે, હજારો માઈલ દૂર છતાં તે સદા મારું અસલ ઘર રહેશે.*

## ૧. મા નું 'અસલ ઘર'

બાળપણમાં મારી મા
વારંવાર કહેઃ
ત્યાં દેશમાં
જીવન મજાનું હતું.

અગિયાર વર્ષની વયે હું
મારી મા ના ઘરની મુલાકાતે ગઈ,
સાવ અજાણી જગ્યા, પરદેશ
જ્યાં હું આગંતુક, અલબત્ત.

મેં અનિચ્છાએ નાકનું ટીચકું ચઢાવ્યું
જુગુપ્સાથી
ગંદકી, દુર્ગંધ, ધૂળ
જે જતી આવતી રીક્ષાઓ ઉડાડે.

મારી માના ગામમાં જીવન મજેદાર ક્યાંથી?
નાનાં મકાન, મોટાં કુટુંબ,
ના સારું સ્નાનગૃહ, ના શય્યા
અંધાધૂંધી, ઘોંઘાટ, ખાસ તો મારો
કેમકે, રોજ ખાવામાં દાળ-ચાવલ.

આ બધું છતાં
મારી મા ના હાસ્યથી દીવાલો ગુંજતી
પોતાનાં ભાંડુઓ વચ્ચે બેસી
તે એના નવા ઘરની વાતો કરતી.

હવે વર્ષો પછી, મને સમજાય છેઃ
'ઘેર' નો અર્થ એ નહિ કે જીવન સરળ
પણ
એનો અર્થ શાન્તિ
સમાજ
સુમેળ...
મા માટે 'ઘર' એટલે આ અનુભૂતિ.

## Hudaa Bax

*My Gujarati mother was born and bred in India until she reached the age of 25 and came to Britain. Every day, my siblings and I would gather around to have our after-school snack on the dastakan. My mother would reminisce about her time in India with us. Each memory was very unique, but not a day went by when the serving of the Khichdi dish was not mentioned. After much recalling of this staple food, I asked my mother what was so special about it. Thus, she took me into the kitchen where I saw the beauty of making the dish for myself.*



# 2. KHICHDI

The rain is pouring,
The fireplace is crackling,
Grandparents are yawning,
Little children indoors are grappling.

For winter days like this, there is much need for comfort food.
For some, it's hot chocolate,
For others, it just depends on their mood.
For my Indian mother, it is yellow rice known as *Khichdi*.

Remembering her youthful days in the village,
It's not the walks on *Chopati Beach* or the dusty village school that she reminisces.
Rather, the daily serving of this dish,
Regardless of your wealth and status.

This staple food she describes as an art:
Cooked not on a stove, but a *Choola*,
with the constant reminder of the correct quantities of rice, daal, turmeric powder and salt.
The blending and mixing must be right,
or your family evening dinner would end in a fight.

**હુદા બક્ષ**

*મારી ગુજરાતી મા ભારતમાં જન્મી, ઉછરી અને ૨૫ વર્ષની ઉંમરે બ્રિટન આવી. રોજ શાળા છૂટ્યા પછી અમે ભાંડુઓ ચા-નાસ્તા માટે દરસ્તરખાન પર બેસીએ ત્યારે મારી મા ઈન્ડિયાના તેના જીવનને યાદ કરે. દરેક સ્મૃતિ વિશિષ્ટ હોય, પણ કોઈ દિવસ એવો ન હોય કે ખીચડીની વાત ન થાય. વારંવાર ખીચડીનો ઉલ્લેખ થવાથી મેં મા ને પૂછ્યું કે, ખીચડીમાં ખાસ શું છે? તે મને રસોડામાં લઈ ગઈ, અને મેં મજેદાર ખીચડી રંધાતાં જોઈ.*

## ૨. ખીચડી

વરસાદ વરસે છે,
ફાયરપ્લેસમાંથી તડતડ અવાજ આવે છે,
દાદાદાદી બગાસાં ખાય છે,
ઘરમાં પુરાયેલ બાળકો ઝૂંટંઝૂંટા કરે છે.


શિયાળાના આવા દિવસે મજેદાર વાનગી જોઈએ.
કેટલાંકને હૉટ ચૉકલેટ,
બીજાંને જે મન થાય તે.

મારી ભારતીય માને ગરમ ખીચડી.
તેના ગામના યૌવનના દિવસોની યાદ,
ચૉપાટી દરિયાકાંઠો,
કે ગામની ધૂળિયા નિશાળ નહીં,
પણ રોજેરોજની આ વાનગી,
ગરીબ તવંગર બધાં માટે.

આ મુખ્ય વાનગીનું તે કળામય વર્ણન કરેઃ
સ્ટવ પર નહીં પણ ચૂલા પર રંધાય,
ચોખા, દાળ, હળદર, મીઠું
પ્રમાણસર જોઈએ.
બધું બરાબર રંધાવું જોઈએ.
નહિતર સાંજના ભોજન ટાણે વઢવાડ.

## Ebrahim Daji

*This poem was inspired by my time in Alipore, reflecting on the journey made by those who came to England for a better life.*



# 3. ROOTS

Golden rays strike down on the ground,
The *Muezzin*[1] cries out in the town.
A window through which my roots can be seen,
Onto a life that could have been.

The life of a farmer,
Just might have been calmer.
They uprooted their lives,
And planted seeds of a different kind.

Travelling by sea,
A difficult journey I'm sure you'll agree!
In search of great prosper,
Making England their foster.

Now I look through a window to a city,
A city so busy.
When I step out in my boots.
I try hard to remember my roots!

---

1. A person who gives call for prayer

## ઈબ્રાહિમ દાજી

*આલીપોર ગામમાં હું થોડો સમય રહ્યો તે અનુભવમાંથી આ કાવ્યની સ્ફુરણા થઈ. આ ગામના ઘણા લોકો સુખી જીવન જીવવા માટે ઈંગ્લેન્ડ આવી વસેલા તે વિશે પણ મેં ચિંતન કર્યું.*

### ૩. મૂળ

ધરતી પર સોનેરી કિરણો પથરાય છે,
મિનારેથી બાંગ પોકારાય છે.
બારીથી મારાં મૂળ દેખાય છે,
હું પણ આ રીતે જીવન વિતાવતો હોત!

ખેડૂતનું જીવન,
કદાચ વધુ શાન્તિદાયક હોત
તેઓ મૂળ સોતાં ઊખડ્યાં,
અને અન્યથા રોપાયાં.

દરિયાઈ માર્ગે પ્રવાસ,
વિકટ મુસાફરી, ખરું?
સુખની ખોજમાં
ઈંગ્લેન્ડ વસવાટ

હવે હું બારીમાંથી જોઉં છું શહેર,
ધમધમતું શહેર
પગરખાં પહેરી જાઉં છું બહાર
ત્યારે યાદ કરું છું મારાં મૂળ!

## Sabahnoor Patel

*My uncle came to the UK in the 1960s from a small village called Varedia, Bharuch-Gujarat-India. I requested my uncle to talk to me about his memories of life in Varedia before coming to the UK. Very enthusiastically he agreed, but when I started asking him questions about his childhood, family-life, friends, he was becoming quiet and emotional. He often talked about the Indian monsoon and rainy season. Constant rain for a few days, water everywhere, mud, greenery. However, he said, out of all seasons, the monsoon brings a lot of memories, happiness, and sadness.*

*The conversation made me very emotional too, as it brought back lots of memories of me as I have been to India several times, and I love visiting my village again and again.*



## 4. RAIN OF PAIN

In the beginning, I found the rain hard;
Each drop, each sound, each thunder embedded itself,

These sounds and feelings straight touched my heart;
In the beginning, I found everything hard,

I walked around, carrying my emptiness, my pain;
Wrapped up, it would affect my heart heavily in rain,

These strange feelings in the rain would happen anywhere and everywhere;
Undone it would begin to spill out pain in rain,

Gushing it would engulf me
Drowning me from the inside

The rain and raindrops kept me away from everyone
Leaving me alone, alone with my pain in rain.

## સબાહનૂર પટેલ

*મારા કાકા ૧૯૬૦ના ગાળામાં ભારત-ગુજરાતના વરેડિયા ગામથી યુ.કે. આવી વસ્યા. મેં એમને વરેડિયા ગામના એમના જીવનની સ્મૃતિ તાજી કરી મને વાત કરવા વિનંતી કરી. તેઓ ઉત્સાહભેર સંમત થયા, પણ મેં તેમના શૈશવ, કુટુંબજીવન, મિત્રો વિશે પ્રશ્નો પૂછ્યા ત્યારે તેઓ મૂક અને લાગણીવશ થઈ ગયા. તેઓ ઘણીવાર ભારતની વર્ષાઋતુની વાત કરતા. દિવસો સુધી સતત વર્ષા, ચોતરફ પાણી, કાદવ, લીલોતરી. ચોમાસું યાદોને તાજી કરે છે, સુખદ અને દુઃખદ સ્મરણોને.*

*આ વાતચીતથી હું પણ ઊર્મિલ થઈ ગઈ, કેમકે એનાથી મારા ભારતના પ્રવાસની યાદો તાજી થઈ. મને વારંવાર મારા ગામની મુલાકાતે જવાનું ગમે છે.*

## ૪. પીડાનો વરસાદ

પ્રથમ મને વરસાદ ત્રાસદાયક લાગ્યો;
પ્રત્યેક છાંટો, પ્રત્યેક રવ, પ્રત્યેક ગર્જન વળગી પડે,

આ અવાજો અને અનુભૂતિ હૃદયસ્પર્શી;
પ્રથમ બધું ત્રાસદાયક,

હું ખાલીપો અને પીડા લઈ ફરતી;
ઘેરાયેલી, વરસાદથી હૃદય દ્રવિત.

વરસાદમાં આ અનુભૂતિ ગમે ત્યાં અને બધે જ થાય;
વરસાદમાં ટાળો તોય પીડા છલકાય.
ધસમસ મને ઘેરી વળે,
ભીતરમાં ડૂબાડે.

વરસાદ અને છાંટા મને બધાંથી
અટૂલી રાખે,
એકલી અટૂલી, વરસાદમાં મારી
ઉદાસી સાથે.

## Anisha Bottomley

*My poem was inspired by my grandma, who lived in India for most of her life. She was an inspiration to me because she went through different experiences in her life in two different ways, the year she was a child and how different the lifestyle in India is. When I asked her what it was like, she laughed at me and said "it was different but easy." I listened to all of the interesting stories she wanted to tell me about her life there and came up with this poem to summarise her life.*



# 5. HORIZON

Over the summer's horizon
The streets already awake,
As the horns of the rickshaw and *panchat*[1]
of the women,
The start of a new and long adventure awaits

Waking up to the smell of fresh roti,
*Maa*[2] calls me down,
"Get up quickly, stop being mopey!
Help me cook, help me clean
Before *Aba*[3] wakes up for his morning tea"

I dress in the usual *salwar kameez,*
The stain remains from the *haldi*[4] yesterday,
I quickly wash it and give it a squeeze
It dries in seconds, nothing new in Bombay

The perfection of maa's *roti,*
So round and fluffy, evenly spread with *ghee*,
I pour the *chai* in the cups and saucers,
And set the *dastarkhan*[5] out for *Aba* and *Maa* and me

While *Aba* goes to work and *Maa* cooks *khichdi,*
I go to play with my friends,
We take the carrom board out with our own made
pieces,
And play with our dolls,
Made from scraps from the streets of India

After a full day of fun and excitement,
The horizon says goodbye to Bombay,
The streets become cooler but still lively,
And awaiting on the *dastarkhan* is the tasty yellow
*khichdi*

The neighbours come to eat,
My aunties come to chat,
*Aba* talks about his day,
And I quickly sneak away

To see the beautiful moon say hello for the night,
And the *panchat* of the women fades away,
The rickshaw horns calm down,
And the adventure comes to end the day.

---

1. Nosy gossip
2. Mother
3. Father
4. Turmeric
5. Dining spread

## અનીશા બોટમ્લી

*મારા કાવ્યની પ્રેરણા મારાં દાદી પાસેથી મળી. એમનું મોટાભાગનું જીવન ભારતમાં વીતેલું. તેમને જીવનમાં વિવિધ અનુભવો થયેલા, બાળક તરીકે ભારતના જીવનના અને જીવનશૈલીના. મેં પૂછ્યું કે, કેવા અનુભવ? ત્યારે તેમણે હસીને કહ્યું કે, અહીંથી અલગ પણ સરળ મેં તેમની રસપ્રદ વાતો સાંભળી, અને તેમના જીવન વિશે આ કાવ્ય લખ્યું.*

## ૫. ક્ષિતિજ

ઉનાળુ દિવસની ઉષાએ
ફળિયાં જાગૃત
રિક્ષાની ભોં ભોં અને બૈરાંની પંચાત નવા, મોટા સાહસની શરૂઆત.

શેકાતી રોટલીની સુગંધ,
મા મને બોલાવેઃ
જલ્દી જાગ, અડિયલ ન થા!
મને રસોઈમાં, વાળવામાં મદદ કર
પિતા ચા પીવા ઊઠે તે પહેલાં.

હું સલવાર કમીઝ પહેરું છું,
કાલનો હલદરનો ડાઘ
ઝડપથી ધોઈ, નીચોવું છું
તરત સુકાય છે, મુંબઈમાં એમ જ થાય

માની રોટલી બરોબર,
ગોળ, ફુલેલી, સરખું ઘી ચોપડેલી,
હું કપ રકાબીમાં ચા રેડું છું,

અને પિતા, મા અને મારા માટે
દસ્તરખાન પાથરું છું.

પિતા કામ પર જાય અને મા ખીચડી રાંધે,
હું સહેલીઓ સાથે રમવા જાઉં
જાતે બનાવેલી કૂકરીઓ વાળું કેરમ બોર્ડ
અને અમારી ઢીંગલીઓ,
ફળિયામાંથી ભેગાં કરેલ ચીંથડાંની
દિવસભરની મજા અને આવેશ પછી,
ક્ષિતિજે સૂરજ મુંબઈને આવજો કહે
ફળિયાં શીતળ પણ ધબકતાં,
અને દસ્તરખાન પર સ્વાદિષ્ટ પીળી ખીચડી.

પડોશીઓ જમવા આવે,
માસીઓ વાતો કરવા,
પિતા એમણે દિવસભર શું કર્યું તેની વાત કરે,
અને હું છાનીમાની છટકી જાઉં

રાતને 'કેમ છે?' કહેતો ચાંદ જોવા
બૈરાંની પંચાત પૂરી થાય,
રિક્ષાની ભોંભોં શાન્ત થઈ જાય,
અને દિવસભરનું સાહસ સમાપ્ત.

## Moosa Patel

*My aunt Bibi was born in a small village in Gujarat, India. She lived in that village until she was 20 when she came to live in Britain. I asked her about her life in the village. She said, 'It was so different from life in the UK. Here, you open the tap and get water. There, we had to go to the village well each morning, draw water from the deep well in a bucket, fill the pitcher and bring it home carrying it on the head. The pitcher was earthen, so, I had to balance it properly, otherwise, it would break. But bringing water from the well was good fun. The girls of the whole village gathered at the well and chatted while drawing the water, even sang songs. My aunt described the scene of the village well. I found it fascinating and wrote this poem.*



## 6. THE VILLAGE WELL

What a beautiful sight!
The water-maids walking.

So gracefully to the well,
Balancing their earthen pitchers,
On their heads.
Chatting and laughing
Teasing each other.

Drawing water from the well,
In the bucket tied to the rope,
And the pulley clinking.

The pitcher is full,
And the water-maid sings:
O, young man!
Help me lift my pitcher.

She adjusts the pitcher on her head,
Water spills on her face,
And it looks so fresh,
Like dew-drops on a flower.

## મૂસા પટેલ

*મારી બીબીમાસીનો જન્મ ગુજરાતના નાના ગામડામાં થયેલો. વીસ વર્ષની ઉંમર સુધી તે ત્યાં ઉછરી, પછી બ્રિટન આવી. મેં તેને ગામના જીવન વિશે પૂછ્યું. તેણે કહ્યું, 'યુ.કે.ના જીવનથી જુદું. અહીં તમે નળ ખોલો ને ગરમ, ઠંડુ પાણી આવે. ત્યાં અમારે ગામને કૂવે જઈ પાણી ખેંચવું પડે. ઊંડા કૂવામાં દોરડે લટકાવેલી ડોલ નાંખી પછી ગરગડી ઉપર ભરેલી ડોલ ખેંચવી પડે. પાણી ભરેલ ઘડો માથે મૂકી ઘરે લાવવાનો. ઘડો માટીનો, એટલે સમતોલ જાળવવું પડે, નહિતર ભોંય પડી તૂટી જાય. પણ પાણી ભરવામાં અમને ખૂબ મજા પડતી. ગામની પનિહારીઓ વાતો કરતી કૂવેથી પાણી ભરે, અને ગીતો પણ ગાય.' મારી માસીએ ગામના કૂવાનું એવું સરસ વર્ણન કર્યું, અને મેં આ કાવ્ય રચ્યું.*

# ૬. ગામનો કૂવો

કેવું સુંદર દૃશ્ય!
પનિહારીઓ લચકલચક ચાલે
કૂવે જાય,
માથે ઘડા ઊંચકે,
સમતોલ રાખે.
વાતો કરે, હસે
એકમેકની ઠઠ્ઠા કરે.


દોરડે ડોલ બાંધી
કૂવામાંથી પાણી ખેંચે
ગરગડી ગરરર થાય.

ઘડો ભરાય
અને પનિહારી ગીત ગાયઃ
હે જવાન!
મારી હેલ ઉપાડ.

ઘડો માથા પર ગોઠવે
પાણી છલકાય
પનિહારીનો ચહેરો ભીંજાય
સુંદર
ફૂલ પર ઝાકળબિંદુ જેવો.

## Sana Waza

*I had a conversation with my grandmother who moved to England to get married at the age of 19. Her mum passed away when she was only a young child so it was only her and her brother. Her dad moved to Africa and remarried and she was left in India with relatives. She went to school for a while but also had to work, plant flowers, etc due to difficult circumstances. The poem I wrote is about her journey and struggles but also my appreciation of what she has gone through whilst living in India.*



## 7. SMILES AND TEARS

Always hearing about the colours that enveloped India,
The celebrations, the festivals, all the beauty of my heritage,
Is all I ever hear.

But…
She, she who lost her parents at such a young age,
She who had so much courage and strength.
She who fended for her family,
She did all this just to put food on her table,
So she and her brother can live peacefully.

She came to England to get married,
She lost everyone and marriage was all her heart ever needed.

She went through hurt, pain, and suffering,
She began to live a new life with her children, she started recovering.

So who is she?
She my grandmother born and raised,
In the country of beauty!

**સના વાઝા**

*મેં મારાં દાદી સાથે વાતચીત કરી. તે ૧૯ વર્ષની ઉંમરે લગ્ન કરવા ઇંગ્લેન્ડ આવી વસેલાં. તે નાનાં હતાં ત્યારે તેમની મા નું અવસાન થયેલું, એટલે તે ભાઈ અને બહેન એકલાં હતાં. તેમના પિતા આફ્રિકા ચાલ્યા ગયેલા અને ત્યાં લગ્ન કરેલાં, એટલે દાદી સગાં સાથે રહેતાં. તે થોડો સમય શાળાએ ગયેલાં, પણ ગરીબીને લીધે કામે જવું પડતું. ફૂલ ઉછેર વગેરે કામો કરતાં. મારું કાવ્ય તેમના સંઘર્ષ વિશેનું છે, પણ તેમણે ભારતમાં જે દુઃખ વેઠ્યું તેની કદરરૂપે પણ છે.*

## ૭. સ્મિત અને અશ્રુ

સદા સાંભળું ભાતીગર ભારતની વાત,
ઉત્સવો, ઉજવણી, મારા વારસાની સુંદરતા,

પરન્તુ...
તેણી જેણે બાળપણમાં માબાપ ગુમાવ્યાં,
તેણી જેણે હિમ્મત અને તાકાત બતાવ્યાં.
તેણી જેણે કુટુંબનું પોષણ કર્યું,
તેણીએ આ બધું કર્યું જેથી
તેણી અને તેણીનો ભાઇ સુખે રહી શકે.

તેણી લગ્ન કરવા ઇંગ્લેન્ડ આવી,
તેણીએ સર્વસ્વ ગુમાવ્યું પછી
તેણી માટે લગ્ન એ જ આરો.

તેણીએ આઘાત, પીડા, વ્યથા વેઠ્યાં,
તેણીએ સંતાનો સાથે નવજીવન આરંભ્યું.

તેણી કોણ?
તેણી- મારાં દાદી જે સૌંદર્યમય દેશમાં
જન્મ પામ્યાં, અને ઉછર્યાં!

## Ruqayyah Khalifa

*The poem is inspired by my auntie who got married in India and then came to England to live with her husband. I asked my auntie many questions about her time in India. I got to know many different things that they do in weddings and the different ways it is celebrated. I also got to know what the bride feels like when getting married and what she feels like when waiting to be married. Not only that but I got to know what the groom experiences with his emotions when getting married and sitting with the bride.*



## 8. THE BIG WEDDING

Loads of people surrounding the wedding *mandap*[1], enjoying themselves
Aunties talking to one another, most likely doing *panchat*[2] and filling the shelves

All eating on a big table, smiling at the camera as they do so
I looked down at the *thal*[3] they were eating in, made of steel though

They were at least 4-5 people eating on one plate, all filling themselves with tasty food
And I see them nodding their heads in excitement, looking at the food with their eyes glued

Everyone dressed like never before
Ladies wearing high heels leave their feet quite sore

Randomers singing *geet*[4]
While up on their feet

Bride and Groom receiving gifts on the stage
All of them were happy, not one looking with rage

Their parents talk to one another with happiness
At least there was no awkwardness

The cameraman moving around trying to get the best shot
But still, the embarrassing pictures were caught

It was time for the bride to leave for her husband's house
The groom quickly fixing his blouse

The room was suddenly filled with sorrow
Little kids were eating, trying hard to swallow

Still, the people doing *panchat*
"They're never going to change," I said as I sat.

---

1. Pandal
2. Nosy gossip
3. A large plate
4. Song

## રૂકય્યાહ ખલીફા

*આ કાવ્યની પ્રેરણા મારા ભાઈ પાસેથી મળી. તેણે ભારતમાં લગ્ન કરેલાં અને હું પણ લગ્નમાં ગયેલી. મેં ત્યાંના અને અહીંના લગ્નોમાં ઘણો તફાવત જોયો. મેં વધુ સમજણ માટે પ્રશ્નો પણ પૂછ્યા. એના આધારે આ કાવ્યનું સર્જન કર્યું.*

## ૮. ભવ્ય લગ્ન

માનવ મેદની લગ્ન મંડપમાં, આનંદ લૂંટે
માસીઓ વાતો કરે, પંચાત કરે, અલમારીઓ ભરે,

મોટા ટેબલ પર જમે, કેમેરા સામે હસે,
સ્ટીલની થાળી હું નિહાળી રહું.

ચાર-પાંચ જણ એક થાળમાં જમે, મજેદાર
માથું હલાવે, ખાવાનું વખાણે, એકીટશે

બધાં સુંદર વસ્ત્રોમાં
બૈરાં ઊંચી એડીના સેન્ડલમાં, પગે સોજા

અજાણ્યા ગીતો ગાય
ઊભાઊભા

વર-વધૂ ભેટો સ્વીકારે,
બધાં ખુશખુશાલ, કોઈ ખીજાયેલું નહિ.

માબાપ પ્રસન્નતાથી વાતો કરે,
કોઈને વાંકું ન પડે.

ફોટાવાળો આમતેમ ફરે, સરસ ફોટા લેવા
તો પણ મૂંઝવણભર્યા ફોટા આવે.

કન્યાવિદાયની ઘડી આવી,
વરરાજા બંડી ઠીકઠાક કરે.
અચાનક ઓરડો ગમગીન થાય,
પણ ભૂલકાં તો બરાબર ખાય.

લોકોની પંચાત તો ચાલુ જ છે,
હું બેઠાં વિચારું: 'આ નહિ બદલાય'.

## Salman Patel

*My uncle Yusufmotabaji was born and brought up in an Indian village called Tankaria, Bharuch, India. When I visited him about this project, I already briefed him over the telephone. He talked about Tankaria village, village life, childhood, their frequent visit to nearby city Bharuch, farm life, life with domestic animals.*

*My Uncle talked about the sunrise and going to the agricultural land (farm fields) early morning. His experiences and feeling were very strong and made me think that most who have a rural connection, live very close to nature.*



## 9. THE MORNING IS CALLING ME

Sheets of daylight waft high and bright,
They are flags of my morning fields.

Entering into my mud house, the first ray of sunrise,
Making my mud house a palace of light.

Walking early in the morning on the path,
A fresh breath of air touching the senses of life

The sounds of birds and animals make the emotions thrive,
All around me, nature talking to me
and keeping me alive.

## સલમાન પટેલ

*મારા મોટા બાજીનો જન્મ અને ઉછેર ભારતના ભરૂચ જિલ્લાના ટંકારીઆ ગામમાં થયેલો. મેં આ પરિકલ્પ સંદર્ભે એમની મુલાકાત લીધી તે અગાઉ ફોન કરેલો. તેમણે ટંકારીઆ ગામની, ગ્રામજીવનની, બાળપણની, ભરૂચ શહેરની, ખેતરોની અને ઢોરોની વાતો કરી.*

*તેમણે સૂર્યોદય અને સવારે ખેતર જતા તે કહ્યું. તેમણે લાગણીપૂર્વક પોતાના અનુભવોનું વર્ણન કર્યું. આ સાંભળી મને પ્રતીતિ થઈ કે, જે લોકો ગામડામાં રહે છે તે પ્રકૃતિની નજીક હોય છે.*

### ૯. સવાર

સવાર મને સાદ કરે છે!
સવારનું અજવાળું પથરાય છે,
મારે ખેતરે જવાની ઝંડી.
સૂર્યોદયનું પ્રથમ કિરણ મારા માટીના ઘરમાં પ્રવેશે,
અને મારું માટીનું ખોરડું ઝળહળિત મહેલ બની જાય.

વહેલા પરોઢે રસ્તે ચાલતાં,
તાજી હવાની લહેર રોમેરોમને સ્પર્શે
પક્ષીઓ અને ઢોરોના અવાજ ઊર્મિઓ જગાડે,
ચોતરફ પ્રકૃતિ મારી સાથે સંવાદ કરે
અને મને જીવાડે.

## Hawwa Laher - Mariyah Waza

*We both spoke to our relatives about what life is like in India. They said that it is like all other places in general, but India has its own unique culture in terms of celebrations, food, and entertainment. Things have changed over the years as it has become more westernised, but the culture will always remain the same.*



## 10. A UNIQUE CULTURE

Just like every other country,
India has its own culture,
The food, the celebrations, the traditions, the clothes,
They're all unique in their own way.

Masala *Dosa, Pav Bhaji, Pani Puri*
Mouthwatering dishes all made by street vendors
There's no describing the feeling of eating
Without care or any stress in the middle of the road

Spreading like wildfire, the gossip travels through,
Villages and towns. The *panchat*[1] begins, no one to stop it,
Mums are everywhere at each other's throats
Accusing each other of this and that.

But this is part of life. Part of any country, town or village,
They are all unique in their own way.

---

1. Nosy gossip

*અમે ભારતમાં જીવન કેવું છે તે વિશે અમારાં સ્વજનો સાથે વાતચીત કરી. તેમણે જણાવ્યું કે, સામાન્ય રીતે બીજે હોય છે તેવું જ, પણ ભારતની સંસ્કૃતિ ઉત્સવો, ખોરાક અને મનોરંજન બાબતે વિશિષ્ટ છે. ભારતનું પાશ્ચાત્યકરણ થયું હોવાથી સંસ્કૃતિ બદલાઈ છે, પણ સાંસ્કૃતિક ઓળખ તો કાયમ રહેશે.*

## ૧૦. વિશિષ્ટ સંસ્કૃતિ

અન્ય દેશોની જેમ,
ભારતની પોતીકી સંસ્કૃતિ છે,
ખોરાક, ઉત્સવો, રૂઢિઓ, પોશાક
બધું જ વિશિષ્ટ છે.

મસાલા ઢોસા, પાઉંભાજી, પાણીપૂરી
રસ્તે મળતી, મોમાં પાણી લાવે
એવી વાનગીઓ સ્વાદ તો અવર્ણનીય
રસ્તાની વચ્ચે, ચિંતા કે તાણ વગર ખાવ.

ગપ્પાં કૂથલી ગામો, નગરોમાં
વન્ય અગ્નિની જેમ પ્રસરે છે,
પારકી પંચાત અટકતી નથી
માતાઓ બધે લડે ઝઘડે છે,
એકમેક પર આરોપ મૂકતી.

પણ આવું તો જીવનમાં બને,
કોઈપણ દેશમાં, નગરમાં, ગામમાં.
બધે પોતપોતાની અલગ રીતે.

## Ismail Sidat

*My uncle Ibrahim Sidat came to the UK in 1963. He grew up in a small village in Navsari, Gujarat, India. When I visited him to talk to him about this project, he was very enthusiastic and talked about his village life in Gujarat very emotionally. He showed me a few black and white photographs of his village life including farms, bullocks, mud houses, village markets, and streets, few family members wearing very typical and traditional Gujarati Muslim outfits. I was surprised and speechless looking at these pictures and the way my uncle had kept them safe. My conversation with my uncle inspired me to write something about village life in Gujarat-India.*



## 11. VILLAGE LIFE

City life is becoming lifeless,
With the problems of water, shelter, food, and peace;

The cost of living is high but life is cheap,
This imbalance cannot keep one's health good;

Village life is far better for all,
The time and pace are slower, but all are best;

Love, care, courtesy, and respect are still there,
The joy of living is still there

Yet, most throng the cities all the time,
To live a disconnected, artificial life?

So, why can't be level headed then
And live in a village in harmony with nature?

## ઈસ્માઈલ સિદાત

*મારા કાકા ઈબ્રાહીમ સિદાત ૧૯૬૦માં યુ.કે. આવ્યા. તેમનો ઉછેર નવસારી, ગુજરાત, ભારતના નાના ગામડામાં થયેલો. હું આ પરિકલ્પ સંદર્ભે એમને મળવા ગયો ત્યારે તેમણે ઉત્સાહભેર અને ભાવોલ્લાસથી પોતાના ગામની વાતો કરી. મને ગ્રામજીવનના, ખેતરના, માટીનાં મકાનોનાં, બળદોના, મંડીના તથા ફળિયાંના શ્વેત-શ્યામ ફોટા બતાવ્યા. ગુજરાતી મુસ્લિમ પોશાકમાં સજ્જ કુંટુંબીજનોના પણ. ફોટા જોઈ હું અવાક થઈ ગયો અને મારા કાકાએ જે રીતે તે સાચવેલા તેનાથી આશ્ચર્ય થયું. તેમની સાથેની વાતચીતથી મને ગુજરાતના ગ્રામજીવન વિશે લખવાની પ્રેરણા મળી.*

## ૧૧. ગ્રામજીવન

શહેરનું જીવન રસહીન થતું જાય છે,
પાણી, ખોરાક, રહેઠાણ, શાન્તિની સમસ્યા,

મોંઘવારી છે પણ જીવતર સસ્તું,
આ અસમતોલથી માણસ બેજાર.

ગામડાનું જીવન સારું,
બધું ધીમી ગતિએ, પણ સરસ

પ્રેમભાવ, લાગણી, વિવેક, માન કાયમ,
હજુપણ જીવનનો ઉલ્લાસ.

પણ શહેરમાં સદા ભીડભાડ છતાં,
અટૂલું, બનાવટી જીવન?

તો આપણે ઠાવકા થઇ
ગામમાં પ્રકૃતિની ગોદમાં ન જીવીએ?

## Faheema Bhamji

*The inspiration for my poem was from the stories my aunt told me about when she went to India a couple of years ago; the classic biryani for lunch and snacks, pakora, dhokla, khandvi, fafda[1] with elaichi chai[2]. The food smell was always wafted away with the agarbatti that worked magically, no matter if you can't breathe when it's on. Photos were always a must: family members gathered around, smallest at the front, tallest at the back. Always one person looking in the wrong direction. Empty mehdi cones piled in the bin and all the women's hands decorated with the same flowers; the married/ engaged hiding their husbands' initials in their design. Fireworks are set off by the men, sparklers for the children who attempt to draw and write their names with it in the night sky.*



# 12. THE EID EXPERIENCE

As I walked down the stairs,
The *khushbu*[3] of *biryani* engulfed me,
I stopped and admired the decorations that washed over the house,
The lights, the *mehdi* cones, plates piled with food,
Everything that I could see,

I stepped into the kitchen that smelt of *masala* and *agarbatti,*[4]
*A*nd watched my mother stir and chop and clean,
All done with speed.
She directed me to start making the parcels and wrap the food with love,
My mother watched as I took her art to the neighbours' houses,
And passed on our traditions whilst wishing them a happy Eid.

Once the food had been given out,
We would both take an hour or two to prepare our looks,
Meet downstairs to receive compliments and receive our *Eidie*[5]*,*
Then take some pictures for the photobook.

Pictures taken, food eaten, we head out to visit loved ones
Eat, eat and eat some more till we burst,
Then burn the energy with some fun.

The sun sets and we all leave for home,
The day is done, the fireworks burnt, the *mehdi* cones emptied, bellies full.
Snuggled tight in bed; in home sweet home!

---

1. Indian savouries
2. Cardamom tea
3. Sweet smell
4. Incense stick
5. Money given to children for Eid

**ફહીમા ભામજી**

*આ કાવ્યની પ્રેરણા મારી કાકીની વાતોમાંથી મળી. તે બે વર્ષ પૂર્વે ભારત ગયેલાં. મધ્યાહન ભોજનમાં બિરયાની અને નાસ્તામાં ભજીયાં, ઢોકળાં, ખાંડવી, ફાફડા, સાથે ઈલાયચીવાળી ચા. ખોરાકની વાસ દૂર કરવા અગરબત્તી, જે જાદુઈ અસર કરે, પછી ભલે તમે ગૂંગળાવો. ફોટા ફરજિયાત: કુટુંબના સભ્યો ભેગાં, નાનાં આગલી હરોળમાં, ઊંચા પાછળ. હંમેશાં એકાદ જણ તો બીજી દિશામાં જોતું હોય. મેંદીનાં ખાલી ખોખાં કચરાપેટીમાં. બધી સ્ત્રીઓની ભાત સરખી. પરિણીત અને સગાઈ વાળી ભાતમાં પતિનાં નામ છુપાવે. પુરુષો ફટાકડા ફોડે, બાળકો તારામંડળ ઉડાડી હવામાં પોતાના નામ લખે.*

## ૧૨. ઇદ ઉત્સવ

સીડી ઉતરતાં,
બિરીયાનીની ખુશ્બૂ મને ઘેરી વળી.
હું થોભી, અને શણગારેલા મકાનની પ્રશંસા કરી
રોશની, મેંદી, વાનગીઓ ભરેલા પ્લેટ
નજર પડે ત્યાં.

રસોડામાં મસાલા અને અગરબત્તીની સુગંધ,
મા હલાવે, સમારે, ધૂએ
ફટાફટ.

મને પડીકાં બાંધવા કહે, સ્નેહપૂર્વક,
હું તેની કળાના નમૂના પડોશમાં પહોંચાડું,
અને પ્રણાલીગત ઈદ મુબારક કહું.

વાનગીઓ વહેંચાઇ જાય પછી,
અમે એક બે કલાક જાતને શણગારીએ,
નીચે ઊતરી પ્રશંસા અને ઇદી પામીએ.
પછી આલ્બમ માટે ફોટા લેવાય.

ફોટા પતે, જમણ પતે, પછી સગાંની મુલાકાતો,
પેટ ફાટી જાય ત્યાં સુધી ખાવ, ખાવ
પછી ચરબી ઉતારવા કૂદાકૂદ!

સૂરજ આથમતાં ઘરે પાછાં,
દિવસ પૂરો, ફટાકડા ફૂટી ગયા
મેંદી પડીકાં ખાલી, પેટ ભરેલાં

પથારીમાં ઢબૂરાઇ, પ્રેમાળ ઘરમાં.

## Yusra Kayat

*The poem is inspired by my auntie who got married in India and then came to England to live with her husband. I asked my auntie many questions about her time in India. I got to know many different things that they do in weddings and the different ways it is celebrated. I also got to know what the bride feels like when getting married and what she feels like when waiting to be married. Not only that but I got to know what the groom experiences with his emotions when getting married and sitting with the bride.*



## 13. A THRILLING EXPERIENCE

The day of the wedding came,
More quickly than I had imagined,

The bride fully ready looking beautiful,
Feeling dutiful!

The groom dressed like never before,
Trying hard to restore.

The bride and groom enter together,
Heart feeling as light as a feather.

Downpour of joy,
Torrential blossoms.

## યુસરા કયાત

*આ કાવ્યની પ્રેરણા મને મારી કાકી પાસેથી મળી. ભારતમાં લગ્ન કરી તે પોતાના પતિ સાથે રહેવા ઈંગ્લૅન્ડ આવી. મેં એને ભારતમાં એના જીવન વિશે ઘણા પ્રશ્નો પૂછ્યા. આનાથી મને લગ્નના રિવાજો વિશે જાણવા મળ્યું. ત્યાં લગ્નો જુદી રીતે થાય છે. લગ્ન પ્રસંગે નવવધૂને કેવી લાગણી થાય છે તે અને લગ્ન અગાઉની ઉત્સુકતા વિશે જાણવા મળ્યું. એટલું જ નહિ પણ લગ્ન પ્રસંગે નવોઢા સાથે બેસતાં દુલ્હાની અનુભૂતિ કેવી હોય છે તે પણ જાણ્યું.*

## ૧૩. રોમાંચ

લગ્નની ઘડી આવી
મારી ધારણાથી પહેલી..

નવવધૂ સજ્જ, સૌંદર્યવાન
આજ્ઞાંકિત

વરરાજા અપૂર્વ પોશાકમાં સજ્જ,
સંકોરવા યત્નશીલ

વર-વધૂનો સજોડે પ્રવેશ
હલકાંફૂલ

ઉલ્લાસની વર્ષા,
કળીઓની બોછાર.

## Ibrahim Patel

*My Grandma was born and brought up in a small village of Gujarat State in India. She has been in Britain for over fifty years, but she still remembers her life in India and gets nostalgic about it. Her favourite topic is weddings in the village. They were so different from weddings in Britain. I asked her what was so special about weddings in her village. She said, 'The wedding songs we girls sang.' She closed her eyes and started humming. It was in the Gujarati language. So, I requested my Mum to interpret it for me. After listening to it, several times, I have translated it into English. This is the farewell song sung when giving away the bride.*



# 14. A WEDDING SONG

The parrot will fly away,

The empty cage will remain,
Sis! Your dreams will remain unrealised.

Brother and his wife will come,
Will give you gifts and leave.

Maternal uncle and aunt will come,
Will give you *Mosalun*[1] and leave.

Paternal uncle and aunt will come,
Will entertain with dinner and leave.

The groom and the in-laws will come,
The wedding will be over, and leave.

---

1. Gifts given by the maternal uncle to his niece on the occasion of her wedding.

## ઈબ્રાહિમ પટેલ

*મારાં દાદીનો જન્મ અને ઉછેર ગુજરાતના એક નાના ગામમાં થયેલો. તે પચાસેક વર્ષથી બ્રિટનમાં વસે છે, પણ તે હજુપણ ભારતમાં તેમના જીવનને યાદ કરે છે, અને અતીતરાગમાં સરી પડે છે. તેમનો પ્રિય વિષય છે, ગામની શાદીઓ. ત્યાંનાં લગ્નો અહીંનાં લગ્નોથી તદ્દન જુદાં. મેં તેમને પૂછ્યું કે, ત્યાંનાં લગ્નોની શું વિશિષ્ટતા? તેમણે કહ્યું, "લગ્નગીતો, અમે છોકરીઓ ભેગી થઈ ગાતી." આંખો બન્ધ કરી તે ગુંજન કરવા લાગ્યાં. એ ગીત ગુજરાતી ભાષામાં હતું, એટલે મને ઓછું સમજાય. મેં મારી મા ને કહ્યું કે, મને ઈંગ્લિશમાં સમજાવ. એ ગીત અનેકવાર સાંભળ્યા પછી મેં એનું ઈંગ્લિશમાં ભાષાંતર કર્યું. આ ગીત સ્ત્રીઓ કન્યાવિદાય વખતે સમૂહમાં ગાય છે.*

## ૧૪. શાદીગીત

પોપટ ઊડી રે જશે,
પીંજરું ખાલી રે થશે.
બેની, તારા મનના વિચાર મનમાં રહી રે જશે.

ભાઈ-ભાભી આવી રે જશે,
સોગાતો થઈ રે જશે, બેની...

મામા-મામી આવી રે જશે,
મોસાળું થઈ રે જશે, બેની...

કાકા-કાકી આવી રે જશે,
કુટુંબ જમાડી રે જશે, બેની...

સાસરિયાં આવી રે જશે,
શાદી થઈ રે જશે, બેની...